| | |
|---|---|
| PUBLICATION NAME : | Sandesh (City Life) |
| EDITION : | Ahmedabad |
| DATE : | 20/11/2022 |
| PAGE: | 3 |



# સહકારી ક્ષેત્રે જોડાયેલ સભ્યોને વ્યવહારિક અને સક્ષમ બનાવવા ઇન્વેન્ટિવ બનવું પડશે

## EDIIના કેમ્પસમાં નેશનલ કોઓપરેટિવ વીકની ઉજવણીના ભાગરૂપે 'આંત્રપ્રિન્યોરશિપ થ્રૂ કોઓપરેટિવ મૂવમેન્ટ' પ્રોગ્રામ યોજાયો




**સિટી લાઇફ** । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના કેમ્પસમાં શુક્રવારે નેશનલ કો-ઓપરેટિવ વીકની ઉજવણી કરી હતી. પ્રોગ્રામના પ્રથમ કાર્યક્રમ 'પ્રમોટિંગ આંતરપ્રિન્યોરશિપ થ્રૂ કો-ઓપરેટિવ મૂવમેન્ટ'માં મુખ્ય અતિથિ અનિલકુમાર બાયતી, પી. એમ. મેવા, ડૉ. રાનાસિંહ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સહકારી ક્ષેત્ર અને સહકારી આંદોલનના ૩૦૦થી વધારે સફળ વ્યવસાયિકો તથા વિવિધ યુનિવર્સિટીઓમાંથી વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. આ અંગે વાત કરતા ચંદ્રગુપ્ત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ પટણાના ડિરેક્ટર ડૉ. રાનાસિંહે કહ્યું કે, સહકારી ક્ષેત્રએ તેમની ક્ષમતાઓ અને વિશિષ્ટ લાક્ષણિકતાઓને આધારે તેમના સભ્યોને વ્યવહારિક અને સક્ષમ બનાવવા ઈન્વેન્ટિવ બનવું પડશે. સહકારી ઉદ્યોગસાહસ એક ક્ષેત્ર છે, જે માટે નવા વિચારોની જરૂર છે, કારણ કે આ ઉદ્યોગસાહસોને પણ ગળાકાપ સ્પર્ધામાં ટકવું પડશે.

### દુનિયાભરમાં સહકારી ક્ષેત્રએ વિવિધ દેશોના અર્થતંત્રને મહત્ત્વપૂર્ણ પ્રદાન

ઇફ્કોના ચીફ મેનેજર પી. એમ મેવાએ કહ્યું હતું કે, દુનિયાભરમાં સહકારી ક્ષેત્રએ વિવિધ દેશોના અર્થતંત્રને મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે અને વિવિધ સમાજના વિકાસમાં પ્રદાન કર્યું છે. આ એકમાત્ર આંદોલન હતું, જે તમામ સામાજિક-આર્થિક અને રાજકીય પડકારો સામે ટકી રહ્યું હતું અને સફળ વ્યૂહરચના તરીકે બહાર આવ્યું છે. આ ઉદ્યોગસાહસિકતા અને ઇનોવેશનનું આદર્શ ઉદાહરણ છે, જે સશક્તીકરણ તરફ દોરી જાય છે.